પાટનગરના ચ-માર્ગ પરથી પસાર થઈ રહેલી ટાટા વિસ્ટા ગાડી નં. જીજે-૧૮-એ-૯૫૫૮ સવારે સવા અગીયાર વાગ્યાના અરસામાં ચ-૩ પાસે એકાએક સળગી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી. કારમાં સવાર માલીક કે.સી. ચૌહાણ સહિત બે વ્યક્તિઓ કારમાંથી ધુમાડો નીકળતા લાગતા જ બ્રેક મારીને સમયસુચકતા દાખવીને બહાર નીકળી ગયા હતા. જેથી કોઈને ઈજા કે કોઈ ડાઝ્યા ન હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી.એલ.પી.જી. ગેસ સંચાલીત કારમાં ગેસ લીકેજ હોવાથી પેટ્રોલમાં જ ચલાવાઈ રહી હતી. પરંતુ લીકેજને લીધે શોર્ટ સર્કીટ થવાથી આગ પકડાઈ ગઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. (તસવીર : દિપક જાની)

સે-૮ સ્થિત જી-૧ કક્ષાના આવાસમાં સિલીંગમાંથી મોટું પોપડું ખર્યું

સદનસીબે બાળક અને મહિલાનો બચાવ : આવાસોની નબળી સિલિંગથી કર્મચારીઓના જીવ પડીકે બંધાયા

ગાંધીનગર, તા.૮

સે-૮ સ્થિત જી-૧ કક્ષાના એક આવાસમાં આજે સાંજે અચાનક સિલીંગમાંથી મોટું મસ પોપડું ખરતા એક બાળક સહિત મહિલાનો સદનસીબે બચાવ થયો હતો. મકાનના બેડરૂમના સિલીંગમાંથી જ ધડાકાભેર પોપડું ખર્યું હતું. સ્થાનિક ઈન્કવાયરી કચેરીના કર્મચારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

શહેરના સરકારી આવાસો કંગાળ હાલતના લીધે દિનપ્રતિદિન ભયજનક પૂરવાર થઈ રહ્યા છે. 'જ' થી લઈ 'ગ' કક્ષા સુધીના મકાનોમાં સમયાંતરે ગાબડા પડતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. એક બાજુ સરકારી આવાસોની જાળવણી માટે મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. તબક્કાવાર હાથ ધરાતી આ કામગીરી પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ આવાસમાં રહેતા કર્મચારીઓ પર મોતનો ખતરો જબુંળતો હોવાની ભયજનક સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં મજબૂતીકરણની કામગીરીમાં ગુણવત્તાના મામલે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. સેકટર-૮માં સ્થિત 'ગ' કક્ષાના ૬૮૭/૧ બ્લોકમાં આજે સાંજે અચાનક બેડરૂમના સિલીગમાંથી મસ મોટું પોપડું ખર્યું હતું. બેડ ઉપર જ ધડાકાભેર મોટું પોપડું ખરતા ઉપસ્થિત મહિલા ભયભીત થઈ ગઈ હતી. જો કે સદનસીબે બાળક તેમજ મહિલાને કોઈ ઈજા થવા પામી ન હતી. આ મામલે સ્થાનિક ઈન્કવાયરી કચેરીને જાણ કરાતા સ્ટાફના કર્મચારીઓએ સ્થળ પર તપાસ કરી હતી. સરકારી આવાસની નબળી સિલીંગો ગમે ત્યારે જાન લેવા બને તેવી દહેશત છે. ગ કક્ષાના આ બ્લોકમાં અન્ય જગ્યાએ પણ મોટી તિરાડો જોવા મળે છે.



(તસવીર : દિપક જાની)

૧૪ વર્ષની કિશોરીએ કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું

માતાએ ૩. ૫૦૦નો હિસાબ માંગતા લાગી આવ્યું હતું : કિશોરી ધો. ૯માં અભ્યાસ કરતી હતી

ગાંધીનગર, તા. ૮

જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા શીયાવાડા ગામમાં રહેતી અને ધો. ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષિય કિશોરીએ રાયપુર કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. કિશોરીની માતાએ તેણીની પાસેથી રૂ. ૫૦૦નો હિસાબ માંગતા લાગી આવ્યું હોવાથી આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં દહેગામ પોલીસને જાણવા મળતા અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો દૌર શરૂ કર્યો છે.

રાયપુર નર્મદા કેનાલમાં એક કિશોરીએ ઝંપલાવ્યું હોવાની વાત વહેલી સવારે કેનાલ સિક્યુરીટી ગાર્ડને મળતાં તે સ્થળ પર પહોંચી ગયો હતો પરંતુ બચાવી લેવાનો પ્રયાસ કરે તે પહેલા તેણીએ જીવ છોડી દીધો હતો. મૃતદેહ બહાર કાઢી પોલીસને જાણ કરતાં દહેગામ પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને તપાસ કરતાં દહેગામ તાલુકાના શીયાવાડા ગામાં રહેતી અને ધો. ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષિય અનુ અરવિંદભાઈ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. દહેગામ પોલીસ મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કિશોરીએ કરેલા આપઘાત પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં માતાએ આપેલા રૂ. ૫૦૦નો હિસાબ માંગતા અનુને લાગી આવ્યું હતું અને આ મામલાને ગંભીરતાથી લઈને તે કેનાલે દોડી ગઈ હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. જો કે સચોટ કારણ બહાર લાવવા પોલીસે દોડધામ શરૂ કરી છે.

આમ આદમીની પાર્ટી દ્વારા લોકાયુક્તના ચૂકાદા સંદર્ભે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિક તથા આમ આદમી પાર્ટીના સ્થાનિક સંગઠીત કાર્યકરો દ્વારા તાજેતરમાં લોકાયુક્તના ચૂકાદાની સંભવિત અસરો અંગે તંદુરસ્ત ચર્ચા વિચારણા કરતી બેઠક યોજાઈ હતી. જેમાં પાર્ટીના મોટાભાગના કાર્યકરો ખાસ હાજર રહ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે રશ્મિનભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને પ્રબુદ્ધ નાગરિકો તથા આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા લોકાયુક્તના ચુકાદાની સંભવિત અસરો અંગે ગહન ચર્ચા કરતી બેઠક યોજાઈ હતી. હાલમાં લોકાયુક્તનો કાયદો ઝડપથી મજબુતાઈથી અમલમાં મુકાય તેના માટે પ્રયત્નો થવા જોઈએ. લોકાયુક્તનો કાયદો નબળો છે તેમાં મજબૂત અને જરૂરી ફેરફાર કરી તે અમલમાં મુકાય તે જરૂરી છે તેમ ચર્ચામાં સૌનો એક સૂર નિકળતો હતો.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારણીના સદસ્ય દિનેશભાઈ વાઘેલા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ ગાંધીનગર જિલ્લામાં પાર્ટીનું સંગઠન મજબૂત કરવા વિશે ખાસ ધ્યાન દોર્યું હતું. અને આગામી ૧૭મી તારીખે ગાંધીનગર જિલ્લામાં મુખ્ય ૧૦ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ખિચોખીચ પશુઓ ભરીને લઈ જવાતા ૩ પીકઅપ ડાલા ઝડપાયા

દહેગામ ફાટકે ત્રણેય ડાલા મુકીને ચાલકો ફરાર : ડાલામાંથી ૧૨ વાછરડા અને ૩ બળદો દયનીય હાલતમાં મળ્યા

ગાંધીનગર, તા. ૮

ચિલોડાની દહેગામ તરફ ત્રણ પીક-અપ ડાલામાં પશુઓને ખિચોખીચ ભરીને ગેરકાયદે લઈ જવાઈ રહ્યા હોવાની બાતમીને આધારે ગૌરક્ષા સમિતિની ટીમે પીછો કરીને ત્રણેય ડાલા પકડી પાડ્યા હતા. જો કે ત્રણેયના ડ્રાઈવર ફરાર થઈ ગયા હતા. ત્રણેય ગાડીઓમાંથી ૧૨ નંગ વાછરડા અને ૩ નંગ બળદ મળીને કુલ ૧૫ પશુઓ ખિચોખીચ ભરેલા મળી આવ્યા હતા. ગૌરક્ષા સમિતિના પ્રમુખની ફરીયાદને આધારે દહેગામ પોલીસે ત્રણેય ગાડીઓ કબ્જે લઈ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

ગાય-વાછરડા ભરેલી પીકઅપ ડાલા ગાડીઓ કતલખાને ચિલોડાથી દહેગામ રોડ પર લઈ જવાથી હોવાની બાતમીને આધારે ગૌરક્ષક સમિતિના પ્રમુખ લાભુભાઈ લલ્લુભાઈ દેસાઈ તથા અન્ય ગૌરક્ષકો વોચ પર ગોઠવાઈ ગયા હતા. દરમ્યાન બાતમીવાળા પીકઅપ ડાલા નીકળતા ઉભી રાખવા ઈશારો કર્યો પરંતુ ત્રણેય પીકઅપ ડાલાના ચાલકોએ સ્પિડ વધારી ગાડીઓ ભગાડી હતી. કાર લઈને પીછો કરતાં દહેગામ ફાટકે ત્રણેય ડાલા મુકીને ચાલકો ફરાર થઈ ગયા હતા. ડાલામાં ચેકીંગ કરતાં જીજે-૮-વી-૩૭૮૩ નંબરના ડાલામાંથી પાંચ વાછરડા ખિચોખીચ ભરીને બાંધી દીધેલી હાલતમાં મળ્યા હતા. તે ઉપરાંત જીજે-૮-ઝેડ-૫૨૩૦ માંથી પણ પાંચ વાછરડા મળ્યા હતા અને જીજે-૨૧-ટી-૪૨૫૨ નંબરના પીકઅપ ડાલામાંથી ૩ બળદો અને બે વાછરડા ખિચોખીચ ભરેલા મળી આવતા પોલીસને બોલાવી લેવામાં આવી હતી. દહેગામ પોલીસે ૧૨ વાછરડા અને ૩ બળદો મળીને ૧૫ પશુઓને પાંજરાપોળ મોકલી આપવા તજવીજ શરૂ કરી ફરાર થઈ ગયેલા ડાલાચાલકોની શોધખોળ આરંભી છે.

(તસવીર : દિપક જાની)

દાઝી ગયેલી વાસણની પ્રૌઢાનું સારવાર બાદ મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામની સીમમાં સ્થિત છોગાના પરા વિસ્તારમાં રહેતી ૫૦ વર્ષીય પ્રૌઢા સવિતાબેન સોનાજી ઠાકોર ૧લી જાન્યુઆરીના રોજ સવારના સુમારે ચુલો સળગાવીને લાકડા પર કેરોસીન છાંટવા જતા થયેલા ભડકામાં ગંભીર રીતે દાઝી જવા પામી હતી. જેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માર્ગે લઈ જઈ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતાં. ગઈ કાલે તેમને હોસ્પિટલમાંથી રજા લઈને ઘરે લાવવામાં આવ્યા હતા ત્યારબાદ આજે તેમનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમમાં મોકલી એ.એસ.આઈ. ગફુરભાઈએ તપાસ શરુ કરી છે.

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં સામાજિક દૂષણો ડામવા વિલેજ ગર્લ્સને પ્લેટફોર્મ

બાળઅધિકાર, સંરક્ષણ અને શિક્ષણના મામલે ગ્રામિણ ક્ષેત્રે કાર્યરત યુનિસેફ દ્વારા જાગૃતિ કેળવવા નવતર અભિગમ : વિવિધ ગામોની સ્કૂલ ગર્લ્સે વિઝીટર્સ સાથે વિચારોની આપ-લે કરી

ગાંધીનગર, તા.૮

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં બાળઅધિકાર, સંરક્ષણ અને શિક્ષણના સમાજ ઉપયોગી સંદેશા સાથે વિચારોની આપ-લે કરવામાં આવી હતી. યુનિસેફનો સ્ટોલ ગ્રામિણ કિશોરીઓ માટે ઉદાહરણ રૂપ પ્લેટફોર્મ બન્યો હતો. યુનિસેફ દ્વારા ગ્રામ્ય ક્ષેત્રે બાળકોને અપાતી તાલિમ અને માર્ગદર્શનના અંતે ગામડાની વિદ્યાર્થીનીઓએ પોતાના વિચારો અને અનુભવો વ્યકત કર્યા હતા. બરોડા જિલ્લાના વિવિધ ગામોમાંથી આવેલી વિલેજ ગર્લ્સે પ્રદર્શનના મુલાકાતીઓ સાથે બાળ સંરક્ષણના મામલે તેમના અનુભવો પણ બયાન કર્યા હતાં.

ગાંધીનગરના આંગણે આકર્ષણ જમાવતા વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં દેશ વિદેશના અનેક સ્ટોલ્સ ઉભા કરાયા છે. ટ્રેડ ફેરમાં આવતા વિઝીટર્સને ટેકનીકલી અપગ્રેડ કરવા ઉપરાંત તંદુરસ્ત સમાજજીવન માટે ઉપયોગી બાબતોના મામલે પણ સોસાયટીને 'અવેર' કરવાનો અભિગમ અપનાવાયો છે. યુનિસેફ તેમજ વિવિધ ૨૧ જેટલી એન.જી.ઓ. દ્વારા બાળઅધિકાર, સંરક્ષણ અને શિક્ષણના મામલે ગ્રામ્યકક્ષાએ અપાતી તાલીમના પરીણામે ટ્રેડ ફેરમાં પણ આજે મુલાકાતીઓને અનોખો મેસેજ પાઠવવામાં આવ્યો હતો. રાજયના વિવિધ ૬ જિલ્લાઓના ગામોમાં યુનિસેફ કક્ષાએથી આ તાલીમને અનુલક્ષી બાળસંરક્ષણ સમિતિ, કિશોરીઓનું જૂથ તેમજ બાળજૂથની રચના કરવામાં આવી છે. ગામના સરપંચ-તલાટી સહિતના આગેવાનોના માધ્યમથી કાર્યરત આ સમિતિ દ્વારા બાળલગ્નનું દૂષણ જડમૂળથી ડામવા પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્રામ્યકક્ષાએ અલગ અલગ ગ્રૂપ બનાવી બાળકોને તેમના અધિકાર, શિક્ષણ અને સંરક્ષણ માટે જાગ્રત કરવાનું ઉમદા અભિયાન હાથ ધરાયું છે. જેને અનુલક્ષી ગામડાઓમાં વિલેજ ઈન્ફોર્મેશન સેન્ટર પણ શરુ કરાયા છે. વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં સ્થિત યુનિસેફના સ્ટોલ પર આજે ગામડાની સ્કુલ ગર્લ્સે આ મામલે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. બરોડા જિલ્લાના મીયા, ફરતીકુઈ, ધાવત સહિતના ગામોમાંથી આવેલી ગામડાની કિશોરીએ મહાનુભાવો સાથે આ મામલે તેમના વિચારો અને અનુભવો વ્યકત કર્યા હતા. બાળલગ્ન અટકાવવા ઉપરાંત શિક્ષણ પ્રત્યે જાગૃત થવાના ઉમદા મેસેજ સાથે તેમણે વિઝીટર્સ સાથે ચર્ચા કરી હતી. મહિલાઓ સ્વરક્ષણ માટે જાગ્રત બને તેમજ પગભર થવા શિક્ષિત બનવા સજાગ થાય તેવો મજબૂત વિચાર પણ વ્યકત કર્યો હતો. વાયબ્રન્ટ ટ્રેડ ફેર દરમિયાન રોજબરોજ વિવિધ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વિલેજ ગર્લ્સને પ્લેટફોર્મ પુરું પાડવા પ્રયાસ કરાશે. ટ્રેડ ફેરના પ્રથમ દિવસે વિવિધ ગામોમાંથી પ્રિયંકા રોહીત, અનિતા વાણંદ, દક્ષા વિજયસિંહ, ભૂમિકા પટીયાર તેમજ માનસી પટેલે ગામડાઓને સામાજિક દુષણમાંથી ઉગારવા પોતાના વિચારોની આપ-લે કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૧૬

તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.

લઘુત્તમ : ૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાજધાની એક્ષપ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦
સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫
દેહરાદૂન રેરી : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
દબંગ-૨ : ૨.૪૫
ટેબલ નં.૨૧ :૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેખા જો પહેલી બાર : ૨.૩૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
રાજધાની એક્ષપ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૪ :
ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫
ટેબલ નં.૨૧ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :
ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦
રાજધાની એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

શિરાગ, કલોલ

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

વૃષભ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ છે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

તુલા : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

મકર : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન રમણલાલ જાની(ઉ.વ.૮૯) પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૮/બી, ગાંધીનગર.
- સ્વ. નારણભાઈ કરમણભાઈ ભરવાડ(ઉ.વ.૫૧) જીઈબી પાવર હાઉસના મેઈન ગેંઈટ પાસેના છાપરા, ગાંધીનગર.